### પાવર અને પેઢીનામાની સહી શંકાસ્પદ છતાં પણ પોલીસ દ્વારા

# SD જૈનની જમીનમાં ફોરેન્સિક રિપોર્ટ બાદ પણ કાર્યવાહી નહીં

**પાવર** ઓફ એટર્ની અને પેઢીનામા શંકાસ્પદ સાબિત; કોર્ટના આદેશ છતાં તપાસ આગળ નહીં વધતાં પીડિતમાં રોષ




સુરતઃ વેસુ વિસ્તારમાં આવેલી કીમતી જમીનના વિવાદમાં ફોરેન્સિક તપાસ દરમિયાન પાવર ઓફ એટર્ની અને પેઢીનામાની સહી શંકાસ્પદ હોવાનું સામે આવ્યું હતું. છતાં, કોર્ટના અગાઉના આદેશ અને સ્પષ્ટ પુરાવા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી, જેના કારણે ન્યાય પોલીસની કાર્યવાહી પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સુરતના વેસુ વિસ્તારમાં આવેલી એસ.ડી.જૈન સ્કૂલ સાથે સંકળાયેલી કીમતી જમીનને લઈને વિવાદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. બ્લોક નં.19, 20 અને 22માં આવેલી અંદાજે 34,000 વાર જમીન મામલે માજી નૌસૈનિક હરીશભાઈ વલ્લભભાઈ પટેલે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, આ જમીનના હકમાં ખોટી વારસાઈ નોંધ અને ખોટા પેઢીનામાથી ગેરકાયદે રીતે હસ્તાંતરણ કરવામાં આવ્યું છે. હરીશભાઈના આક્ષેપ મુજબ સમગ્ર કેસમાં ભાણાભાઈ દ્વારા અનેક ગેરરીતિઓ આચરવામાં આવી છે, જેના આધારે જમીનનો માલિકી હક બદલવાનો પ્રયાસ થયો હતો. આ મામલો કોર્ટ સુધી પહોંચતાં વર્ષ-2018માં પ્રાથમિક તપાસ દરમિયાન બોગસ પુરાવા હોવાના સંકેતો સ્પષ્ટ થયા હતા. કોર્ટે આ મામલે ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ કોર્ટના સ્પષ્ટ આદેશ છતાં પોલીસ દ્વારા કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નહોતી. પરિણામે, કોર્ટે પોલીસની નિષ્ક્રિયતા સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ હેઠળ શો-કોઝ નોટિસ જારી કરી હતી. આ ઘટનાએ પોલીસની ભૂમિકા પર પણ સવાલો ઊભા કર્યા છે. આગળ ચાલી, દસ્તાવેજોની સત્યતા તપાસવા માટે ફોરેન્સિક લેબોરેટરીમાં સહીની ચકાસણી કરાઈ હતી. રિપોર્ટ મુજબ, પાવર ઓફ એટર્નીમાં રહેલી બે સહી ખોટી હોવાનું સાબિત થયું હતું, જ્યારે ત્રણ સહી અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું શક્ય ન હતું. આ મહત્ત્વપૂર્ણ પુરાવા સામે આવ્યા છતાં પણ પોલીસ દ્વારા હજુ સુધી કોઈ કાયદેસર પગલાં લેવામાં આવ્યાં નથી.

#### બિનખેતી (NA) પ્રક્રિયા પણ શંકાસ્પદ

હરિશભાઈ પટેલે વધુમાં આક્ષેપ કર્યો છે કે, બાદમાં કૈલાસ જૈન દ્વારા આ જમીનને બિનખેતીમાં ફેરવવાની પ્રક્રિયા પણ ખોટી રીતે કરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ જો મૂળ માલિકી અને ખરીદીમાં ગેરરીતિ હોય, તો NA કરવાની પ્રક્રિયા પણ શંકાના ઘેરામાં આવે છે. આ સમગ્ર મામલે હરિશભાઈએ સંબંધિત તંત્ર અને પ્રશાસન પાસે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે, જો ગેરરીતિ સાબિત થાય તો જવાબદારો સામે કાયદેસર કાર્યવાહી થવી જોઈએ.

## સુલતાનાબાદ વ્યસનમુક્તિ કેન્દ્રનાં સંચાલિકાની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ સુલતાનાબાદ રિવા વ્યસનમુક્તિ કેન્દ્રમાં સારવાર માટે લવાયેલા પેશન્ટ ધવલ જયંતી રાઠોડને બેરહમીથી માર મારી હત્યા કેસમાં આ કેન્દ્રનાં સંચાલિકા નેહલ વિનય સોલંકીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. કોસંબાના ફરિયાદી હિમાંશુ જયંતી રાઠોડના ભાઈ ધવલને સારવાર માટે આ કેન્દ્રમાં લવાયો હતો. જ્યાં દવા પીવા બાબતે સ્ટાફ સાથે ધવલની બોલાચાલી થતાં કર્મચારીઓએ ધવલને બેરહમીથી માર મારી બાંધી દીધો હતો. તેમજ માથું પછાડતાં ધવલ બેભાન થઈ ગયો હતો. મામલો ગંભીર બનતાં ધવલને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ ડુમસ પોલીસે પીએમ રિપોટના આધારે વ્યસનમુક્તિ કેન્દ્રનાં સંચાલિકા નેહલ વિનય સોલંકી સહિત પાંચ સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો, જેમાં આરોપી નેહલની ધરપકડ કરવામાં આવી હતી. તેણે જામીન મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિલેશ ગોળવાળાએ હાજર થઈ પોલીસ તરફેનું સોગંદનામું રજૂ કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી.

## ડુમસ વાયડીપી ફાર્મમાં મંડપ ડેકોરેશનના ગોડાઉનમાં આગ



**ભારે** જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવાયો, ડેકોરેશનનો મોટા ભાગનો માલ સામાન બળીને ખાખ

સુરતઃ ડુમસ વિસ્તારમાં આજે સવારે મંડપ ડેકોરેશનના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. વાયડીપી ડોમની બાજુમાં આવેલા મહેક ફાર્મ ખાતે મંડપ ડેકોરેશનનો રાખવામાં આવ્યો હતો. આગની લપેટમાં આવતા મોટા ભાગનો મંડપ ડેકોરેશનનો સામાન આગમાં બળીને સ્વાહા થઈ ગયો હતો.

વેસુ ફાયર સબ ઓફિસર કિશોર પટેલના જણાવ્યા મુજબ, તેમને કોલ મળતાની સાથે ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ગોડાઉન મંડપ ડેકોરેશનનો સામાનથી ભરેલો હતો. તમામ સામાન અત્યંત જ્વલનશીલ હોવાથી આગનું પ્રસરવાનું પ્રમાણ વધુ હતું, પરંતુ સમયસૂચક કામગીરીના કારણે સ્થિતિ નિયંત્રણમાં આવી શકી હતી. ફાયર ટીમે લગભગ અડધો કલાક સુધી સતત કામગીરી ચલાવીને આગને સંપૂર્ણ કાબૂમાં લીધી હતી. આગના કારણે ગોડાઉનમાં રાખેલા મંડપ ડેકોરેશનના કપડાં, પીઓપી આઈટમ્સ, તેમજ બીજા મટીરિયલનું નુકસાન થયું છે.

નુકસાનની ચોક્કસ રકમ હજી ગણતરીમાં આવી નથી, પરંતુ પ્રાથમિક અંદાજે મોટું નુકસાન થયાની જાણ કરવામાં આવી છે. ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું હતું કે આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ હજી જાણી શકાયું નથી. શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ તકનિકી ખામી અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઘટનાસ્થળે કોઈ જાનહાનિ થઈ ન હોવાને કારણે રાહત અનુભવી છે.

# સુરતનાં 10 પોલીસ મથકમાં હવે PSO તરીકે PSI ફરજ બજાવશે !

**રાજ્યનાં** ચારેય મહાનગરોમાં પીએસઓ તરીકે પીએસઆઈને બેસાડવાનો સરકારે નિર્ણય તો કર્યો પરંતુ પોસઈ પુરતા પ્રમાણમાં ન હોવાથી તેનો અમલ થઈ શકતો નથી

ગુજરાતમિત્ર વિશેષ

સુરત : રાજ્યના ગૃહ વિભાગે મોટા પાયે એક નિર્ણય તો કર્યો પણ બન્યું એવું કે એ નિર્ણયને અમલમાં મૂકી શકવાની બાબતમાં સદંતર નિષ્ફળતા સાંપડી છે. વાત છે ચાર મહાનગરોમાં પોલીસ સ્ટેશન અમલદાર (પીએસઓ) તરીકે પોલીસ સબ ઇન્સ્પેક્ટરને કામગીરી સોંપવાની. ગૃહ વિભાગે થોડા સમય પૂર્વે આ નિર્ણય કર્યો હતો પણ બન્યું એવું કે પુરતા પ્રમાણમાં પીએસઆઈ ન હોવાના કારણે આ નિર્ણયનું હાલ પૂરતું તો બાળ મરણ થયું છે.

સુરતમાં આગામી દિવસોમાં બધાં પોલીસ મથકમાં તો શક્ય નહીં બને પણ દસ પોલીસ સ્ટેશનમાં આ વ્યવસ્થા કાર્યરત થાય તેવી શક્યતા પોલીસ કમિશનરે દર્શાવી હતી.

કોઇ પણ વ્યક્તિ ગુનાખોરીનો ભોગ બન્યા બાદ પોલીસ મથક પર પહોંચે ત્યારે તેને પોલીસ સ્ટેશન અમલદાર મળે છે. જે ગુના સંદર્ભે ફરિયાદ પાસેથી વિગતો મેળવે છે. ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ જરૂર પડ્યે વરિષ્ઠ અધિકારીઓને જાણ કરે છે. આ પીએસઓ પોલીસ ખાતામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. કારણકે લોકોને સીધો તેની સાથે જ સંપર્ક કરવાનો રહે છે. જેથી પીએસઓ લોકો સાથે સારું વર્તન કરે તો પ્રજામાં પોલીસની છબી સારી અને પીએસઓ તોછડું વર્તન કરે તો પોલીસની છબી ખરાબની છાપ લઈ માણસ પોલીસ સ્ટેશનથી વિદાય લે છે. સામાન્ય સંજોગોમાં મોબાઇલ કે વાહનચોરીની વાત લઈને પોલીસ મથક પર પહોંચેલી વ્યક્તિને ખૂબ જ ખરાબ અનુભવો થયા છે. થઈ રહ્યા છે.

તેવી સ્થિતિમાં પ્રજામાં પોલીસની છબી સારી રહે તે માટે પીએસઓ તરીકે પોલીસ સબ ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીને જવાબદારી સોંપવાનો નિર્ણય ગૃહ વિભાગે લીધો તો ખરો પણ ખાટલે મોટી ખોટ કે રાજ્યમાં પુરતા પ્રમાણમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર ઉપલબ્ધ ન હોવાના કારણે આ નિર્ણયનો અમલ થઇ શકતો નથી.

સુરતની વાત કરીએ તો સુરતમાં કુલ 40 પોલીસ સ્ટેશન છે. જેમાં બે પાળીમાં કામગીરી ચાલી રહી હોવાથી જો તમામ પોલીસ મથકમાં આ નિર્ણયનો અમલ કરાવવો હોય તો 80 પોલીસ સબ ઇન્સ્પેક્ટર જોઇએ. જે હાલ ઉપલબ્ધ ન હોવાથી આ નિર્ણયનો અમલ થઇ શકતો નથી.

આ બાબતે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે પ્રારંભિક તબક્કે શહેરનાં 10 પોલીસ સ્ટેશનમાં આ સિસ્ટમ કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ક્રાઇમની દૃષ્ટિએ તેમજ લોકોની વધુ પડતી અવરજવરની દૃષ્ટિએ હેવી કહી શકાય તેવા પાંડેસરા, સચિન, ઉધના, ડિંડોલી, વરાછા, અઠવા, ઉમરા વગેરે પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવી છે. ટૂંક સમયમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ફાળવણી કરવામાં આવે ત્યારે આ સિસ્ટમ કાર્યરત કરવામાં આવશે.

# BRTSમાં ઘૂસતા વાહનોને મ્યુનિ.કમિ.એ પાઠ ભણાવ્યો

**શુક્રવારે** સવારે 8 વાગ્યે કમિ.નાગરાજન પરવટ પાટીયા પહોંચી ગયા

સુરતઃ શહેરમાં બીઆરટીએસ કોરિડોરમાં ગેરકાયદેસર રીતે ખાનગી વાહનો હંકારવાને કારણે સર્જાતા અકસ્માતોની ગંભીરતાને ધ્યાને લઈ મનપા કમિશનર નાગરાજન દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શુક્રવારે વહેલી સવારે 8:00 વાગ્યે કમિશનર એમ.નાગરાજને વરાછા ઝોન-એ માં આવેલા પરવત પાટીયાથી પુણા કેનાલ રોડની મુલાકાતે પહોંચ્યા હતા, જેના કારણે ઝોનના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બીઆરટીએસ કોરિડોરમાં બેફામ દોડતા ખાનગી બાઈક અને કાર ચાલકોને કારણે રાહદારીઓ અકસ્માતનો ભોગ બનતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આ સ્થિતિ પર અંકુશ મેળવવા કમિશનરે પોતે મોરચો સંભાળીને કોરિડોરમાં પ્રવેશ કરનારા વાહન ચાલકોને અટકાવ્યા હતા અને તેઓને ટ્રાફિક શિસ્તનું મહત્વ સમજાવી આવી ન્યુસન્સ ઉભી ન કરવા માટે કડક સૂચના આપી હતી.

શહેરના વિવિધ વિસ્તારો, ખાસ કરીને ઉધનાથી ભેસ્તાન અને પરવત પાટીયાથી અણુવ્રત દ્વાર સુધીના બીઆરટીએસ રૂટ પર ખાનગી વાહન ચાલકો દ્વારા મોટાપાયે નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. મનપા દ્વારા અગાઉ અનેક પ્રયાસો કરવા છતાં વાહન ચાલકો પર અંકુશ મેળવવામાં ખાસ સફળતા સાંપડી નથી, જેના પરિણામે જીવલેણ અકસ્માતોની ઘટનાઓ છાશવારે બનતી રહે છે. મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા આ પ્રકારના ગેરકાયદેસર અવરોધ ઉભા કરનારા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે અને નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકનારા વાહન ચાલકોને અંતિમ અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં જાહેર પરિવહન વ્યવસ્થામાં ખલેલ પહોંચાડનારા આવા વાહન ચાલકો વિરૂદ્ધ મનપા દ્વારા વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

### સચિન GIDCમાં સૂતા બાદ ફરી નહીં ઊઠતા બાળકનું મોત

સુરતઃ સચિન જીઆઇડીસીમાં પાંચ વર્ષનો બાળક રાત્રે સૂતા બાદ ફરી ઉઠ્યો ન હતો. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ઓરિસ્સાના વતની જયંતભાઈ ગીરી હાલ સચિન જીઆઇડીસી ખાતે આવેલી શિવ નગરમાં પત્ની તેમજ 5 વર્ષીય પુત્ર પ્રિયાંશુ સાથે રહે છે અને ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. કાલે રાત્રે 9 વાગ્યાના સુમારે માતા-પિતાએ પ્રિયાંશુને જમાડીને સુવડાવી દીધો હતો. ત્યારબાદ રાત્રે પાણી પીવડાવવા માટે પ્રિયાંશુને ઉઠાડતા તે ઊઠ્યો ન હતો. જેથી બેભાન હાલતમાં તેને સારવાર માટે ખાનગી બાદ અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે પ્રિયાંશુને મૃત જાહેર કર્યો હતો.

# ફેબ્રુઆરીમાં સુરત એરપોર્ટ પર 1,56,042 પેસેન્જરની અવરજવર

**એપ્રિલથી** ફેબ્રુઆરી સુધીના 11 મહિનામાં કુલ પેસેન્જરનો આંકડો 16,75,951 પર પહોંચ્યો

સુરતઃ નવા વર્ષ જાન્યુઆરી 2026ની શરૂઆતથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જરોની અવરજવર મામલે ધમાકેદાર શરૂઆત થઇ છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ઈતિહાસમાં પ્રથમવાર સર્વાધિક 1,71,580 પેસેન્જર જાન્યુઆરી 2026 માં નોંધાયા હતા. ફેબ્રુઆરી 2026માં 1,37,318 ડોમેસ્ટિક અને 18,724 ઈન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 1,56,042 પેસેન્જરોની અવરજવર રહી છે.

નાણાકીય વર્ષના એપ્રિલથી ફેબ્રુઆરી સુધીના 11 મહિનામાં સુરત એરપોર્ટનો કુલ પેસેન્જર આંકડો 16,75,951 પર પહોંચ્યો છે. જોકે ઓક્ટોબર 2025 પછી સૌથી ઓછા 18724 ઈન્ટરનેશનલ પેસેન્જર ફેબ્રુઆરી 2026 માં નોંધાયા છે. 28મી ફેબ્રુઆરીએ મિડલ ઈસ્ટમાં યુદ્ધ ફાટી નીકળતા સુરતથી દુબઇની ફ્લાઇટ દુબઇ પહોંચી હતી પણ પરત આવી ન હતી.

જ્યારે સુરતથી શારજાહની ફ્લાઇટ સ્થગિત થઈ હતી.કાર્ગો હેન્ડલિંગમાં પણ પ્રગતિ માત્ર યાત્રિક ટ્રાફિક જ નહીં, પરંતુ માલ વહન (કાર્ગો) ક્ષેત્રમાં પણ વૃદ્ધિ નોંધાઈ છે. ફેબ્રુઆરી-2025 દરમિયાન કુલ 927.1 મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યો હતો, જે સુરતના વેપાર અને ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ છે. વર્ષ 2025 ના અંતે સુરત એરપોર્ટના ઈતિહાસમાં સર્વાધિક 18.10 લાખ પેસેન્જરની અવરજવાનો વિક્રમ સર્જાયો હતો. 2025માં 16,04,019 ડોમેસ્ટિક અને 2,06,404 ઈન્ટરનેશનલ મળી 18,10,513 પેસેન્જર નોંધાયા હતા.

#### નાણાકીય વર્ષ 2025- 26 ના 11 મહિનામાં પેસેન્જરોની અવરજવર

| મહિનો | ડોમેસ્ટિક | આં.રા. | કુલ |
|---|---|---|---|
| એપ્રિલ | 1,31,790 | 16,316 | 1,48,106 |
| મે | 1,45,135 | 18,790 | 1,63,925 |
| જૂન | 1,27,652 | 15,560 | 1,43,212 |
| જુલાઈ | 1,16,149 | 16,213 | 1,32,362 |
| ઓગસ્ટ | 1,29,268 | 15,442 | 1,44,710 |
| સપ્ટેમ્બર | 1,19,185 | 15,676 | 1,34,861 |
| ઓક્ટોબર | 1,33,955 | 19,030 | 1,52,985 |
| નવેમ્બર | 1,50,725 | 19402 | 1,70,127 |
| ડિસેમ્બર | 1,36,576 | 21,465 | 1,58,041 |
| જાન્યુઆરી | 1,47,920 | 23,660 | 1,71,580 |
| ફેબ્રુઆરી | 137318 | 18724 | 1,56,042 |

### સૈયદપુરાની મહિલાના રૂપિયા 45 હજાર પડાવી લેવાયા

સુરતઃ સૈયદપુરા કાછીયા શેરીમાં રહેતા વિરલબેન નિરવભાઈ પટેલને (ઉં.વ.38) ફોન કરીને અજાણ્યાએ પતિના મિત્ર તરીકે ઓળખાણ આપી હતી. ત્યારબાદ તેણે જણાવ્યું હતું કે, 'મારે નિરવભાઈને ધંધાના 15,000 આપવાના છે, જે તમારા ખાતામાં જમા કરી દઉં છું'. ત્યારબાદ ગઠિયાએ મહિલાના મોબાઈલ પર 10,000 જમા થયા હોવાનો બેંક ઓફ બરોડાનો એક બનાવટી એસ.એમ.એસ.(SMS) મોકલી વિશ્વાસ જીતી લીધો હતો. પછી ભૂલથી 5,000ને બદલે 50,000 ટ્રાન્સફર થઈ ગયા છે. તેણે વિરલબેન પાસે આજીજી કરતાં કહ્યું કે, મારા પરિવારમાં કોઈ હોસ્પિટલમાં દાખલ છે અને મારે પૈસાની ખૂબ જરૂર છે, તો મહેરબાની કરી વધારાના 45,000 પરત માંગી ઠગાઇ કરી હતી.

# ઈજનેરી વિભાગની કામગીરીથી મ્યુનિસિપલ કમિશનર નારાજ

**સામે** ઇજનેરી વિભાગનો પર દબાણ-ડિમોલિશનનો બોજ દૂર કરવાનાસ સંકેત

સુરત : સતત દોડતા રહેતા સ્વચ્છતા મુદ્દે આરોગ્ય વિભાગની કામગીરી હવે ઓન ટ્રેક આવી હોવાનો સંતોષ કમિશનરે વ્યક્ત કર્યો છે. પરંતુ ઈજનેરી વિભાગની કામગીરી હજુ પણ કમિશનરની અપેક્ષા મુજબ નથી હોવાનું સામે આવ્યું છે.

આ મુદ્દે આજે યોજાયેલી બેઠકમાં કમિશનરે ઈજનેરી વિંગના અધિકારીઓને ખુલ્લેઆમ ટકોર કરી અને કામગીરી અંગે સ્પષ્ટતા માંગવામાં આવી હતી. બેઠક દરમિયાન ડિવિઝનલ હેડ સહિતના અધિકારીઓએ જણાવ્યું કે ઝોનમાં કાર્યપાલક ઈજનેર અને ટેકનિકલ સ્ટાફને મૂળ કામ સિવાય ડિમોલિશન, દબાણ દૂર કરવું, કાર્યક્રમોની તૈયારીઓ અને આરોગ્ય ઝુંબેશ જેવી અનેક જવાબદારીઓ પણ સંભાળવી પડે છે. સાથે જ ટેકનિકલ સ્ટાફની તંગી પણ વર્ષોથી ચાલી રહી હોવાથી કર્મચારીઓ પર ભાર વધ્યો છે. ખાસ કરીને જાહેર માર્ગો પરથી દબાણ દૂર કરવાની કામગીરીને કારણે ટેકનિકલ અધિકારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. વર્ષોથી આ મુદ્દે રજૂઆતો થતી હોવા છતાં અગાઉ કોઈ સકારાત્મક પ્રતિભાવ મળ્યો નહોતો. જોકે, આ વખતે કમિશનર નાગરાજને અધિકારીઓની વ્યથા સમજતા કાર્યપાલક ઈજનેર સ્તરના અધિકારીઓને દબાણ હટાવવાની કામગીરીમાંથી મુક્ત રાખવા વૈકલ્પિક વ્યવસ્થા અંગે સૂચનો માંગ્યા છે. કમિશનરના આ સકારાત્મક અભિગમથી ખાસ કરીને ઝોનના ઈજનેરોમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પાડોશીએ ઘર પાસે કચરો ફેંકતા પરિણીતાએ ફિનાઈલ પીધું

**ફિનાઈલ** પીતા પહેલાં રડતા રડતા બનાવેલો વિડીયો વાયરલ, ત્રણની ધરપકડ

સુરતઃ કામરેજ નજીક પાસોદરા વિસ્તારમાં પાડોશીઓના માનસિક ત્રાસથી કંટાળી એક ૩૨ વર્ષીય મહિલાએ આપઘાતનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પીડિત મહિલાએ ઝેરી દવા પીતા પહેલાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કર્યો હતો, જેમાં તેણે પાડોશી પરિવાર દ્વારા આપવામાં આવતા અસહ્ય ત્રાસની આપવીતી વર્ણવી હતી. આ મામલે લસકાણા પોલીસે તાત્કાલિક એક્શનમાં આવી જવાબદાર ત્રણ શખ્સની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

પાસોદરાની 'ઓમ ટાઉનશીપ'માં રહેતા ખુશબુબેન (ઉં.વ.૩૨) એ ગઈકાલે બપોરે પોતાના ઘરે ફિનાઈલ પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

મહિલાને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા પારખી લસકાણા પોલીસનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. પીડિતાની ફરિયાદ અને વિડીયો પુરાવાને આધારે પોલીસે અલ્પાબેન શૈલેષભાઈ ટાંક, અલ્પાનો પતિ શૈલેષભાઈ ટાંક અને અલ્પાનો ભાઈ નીલેશ પરમાર વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) હેઠળ વિવિધ કલમો મુજબ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. હાલ પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ હાથ ધરી છે.

#### "આજે મારી સહનશક્તિની હદ પૂરી થઈ ગઈ છે"

વિડિયોમાં મહિલા રડતા રડતા પોતાની વેદના વ્યક્ત કરે છે. તે કહે છે કે 'છેલ્લા છ મહિનાથી પડોશી અલ્પા ટાંક, તેના ભાઈ નીલેશ પરમાર અને તેમના પરિવારજનોથી સતત ત્રાસ મળી રહ્યો છે. હું હવે સંપૂર્ણ રીતે કંટાળી ગઈ છું. રોજિંદી ગાળાગાળી, ધમકીઓ અને અપમાન સહન કરવું મુશ્કેલ બની ગયું છે, હું જે પગલું લઈ રહી છું, તેના માટે માત્ર અલ્પા ટાંક, નીલેશ પરમાર અને તેમના સાથ આપનારા લોકો જ જવાબદાર રહેશે. જો તેને કે તેના પરિવારને કંઈ નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આ લોકોને રહેશે.' વિડીયોમાં મહિલા પોતાની પરિસ્થિતિ અંગે નિરાશા અને તણાવ વ્યક્ત કરતી જોવા મળે છે, જે સમગ્ર ઘટનાની ગંભીરતા દર્શાવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બીઓબી રિટાયર્ડ ઓફિસર્સ એસો.નું સુરત રિજિયનનું સ્નેહમિલન યોજાયું




સુરતઃ સુરત- તાપી જિલ્લાના નિવૃત અધિકારીઓનું ત્રિમાસિક સ્નેહમિલન કાર્યક્રમ અલગ રીતે સુરતની બહાર, પિકનિક સાથે તા.૨૨-૦૩-૨૦૨૬ ના રોજ, ગુરુકૃપા મહાલા હોટલ, આંબાપાડા, ગીરા ધોધ, સાપુતારા રોડ, જી. ડાંગ ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બરોડા ઝોનના નવનિયુક્ત મદદનીશ મહામંત્રી અશોકભાઈ પટેલે ૧૭ -૧૮ માર્ચના રોજ વડોદરા ખાતે વાર્ષિક સભાની માહિતી આપવામાં આવી હતી. પ્રેસિડેન્ટ ભગવતીભાઈ પટેલે એસોસિયેશનની ઝોનલ તેમજ ઓલ ઈન્ડિયા લેવલની કામગીરી, પેન્ડિંગ લીગલ મેટર અને નિવૃત સદસ્યો માટે ઉપયોગી માહિતી આપી હતી. સભ્ય ભગવાન વશી દ્વારા હિપ્નોથેરાપી અને રેકી દ્વારા સારવારની સમજ અપાઈ હતી. કાર્યક્રમમાં સુરત શહેર અને સુરત- તાપી જિલ્લાના ૭૦ સભ્યો પોતાના જીવનસાથી સાથે હાજર રહ્યા હતા. આભારવિધી જયેશ ચૌહાણ, સંચાલન આસી. ઝોનલ સેક્રેટરી રમેશ મકવાણાએ કરી હતી. સભ્યો દ્વારા ગીતો રજૂ થયા હતા. બાદમાં બોટનિકલ ગાર્ડન, ઉનાઈ તેમજ ગાયત્રી માતાના મંદિરની મુલાકાત લેવાઈ હતી.

### સંત મોટાનો રવિવારે સાક્ષાત્કાર દિવસ ઉજવવામાં આવશે



સુરતઃ ગામડે ગામડે પ્રાથમિક શાળાઓના ઓરડાં બનાવનાર સંત મોટાનો 88મો સાક્ષાત્કાર દિવસ રવિવાર તા. 29.3.26ના રોજ સમસ્ત પાટીદાર સમાજની વાડી, અંકુર સ્કુલ સામે, આંબા તલાવડી કતારગામ, સુરત ખાતે ઉજવાશે. જેમાં સવારે 6.30 થી 12 સુધી (હરિ ૐ નામ સ્મરણ, ધુન, આરતી, ભાવિક પટેલ અને સાથી વૃંદના ભજનો, એવોર્ડ વિતરણ, મોટા વિશે પ્રેરક પ્રવચન આશિષ ભાલાણી, અહેવાલ યજમાન કરસનભાઇ અને અશોકભાઇ ચોવટીયા પરિવારની આભારવિધિ તથા 12.30 કલાકથી 2 સુધી ભોજન પ્રસાદ (કઢી, ખીચડી, રીંગણ બટાકાનું સ્વાદિષ્ટ શાક, છાશ)નું આયોજન કરવામાં આવ્યું છે.

### અનિસ દ્વારા "રાણી નાયકીદેવી કાર્યશાળા"નું આયોજન કરવામાં આવ્યું



સુરતઃ અપમૃત્યુ નિવારણ સંસ્થા અને સુરત શહેર પોલિસનાં સંયુક્ત ઉપક્રમે શહેરની ૭ થી ૧૪ વર્ષની બાલિકાઓ માટે "રાણી નાયકીદેવી કાર્યશાળા"નું સફળ આયોજન જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. ચૈત્રી નવરાત્રિના પાવન અવસરે યોજાયેલી આ કાર્યશાળા કન્યા પૂજનની એક અનોખી અને આધુનિક અભિવ્યક્તિરૂપ બની, જેમાં બાલિકાઓને પોતાની આંતરિક શક્તિનો એહસાસ કરાવવામાં આવ્યો હતો અને આત્મવિશ્વાસ વધારવા પ્રેરણા આપવામાં આવી હતી. આ સાથે જ, જરૂર પડે ત્યારે પોલીસ અથવા અન્ય જવાબદાર વ્યક્તિઓ પાસેથી સહાય કેવી રીતે લેવી તે અંગે પણ પ્રાયોગિક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ. કાર્યક્રમ દરમિયાન બાલિકાઓને વિવિધ ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ દ્વારા સઘન તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત ઉપસ્થિત રહી બાલિકાઓને આશીર્વચન આપ્યા હતાં અને સમગ્ર ટીમના પ્રયાસોને બિરદાવ્યા હતાં. સાત શાળાઓમાંથી આશરે ૭૦૦ બાલિકાઓએ ભાગ લીધો હતો.

### સુરતમાં એક જ દિવસમાં 111 ટાટા સીએરા કાર 111 પરિવારોને સોંપવામાં આવી



સુરતઃ ભારતની જાણીતી કાર બનાવતી કંપની ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિ.ના શ્રીજી ઓટોમાર્ટ, પ્રમુખ ઓટોમોટિવ અને પ્રગતિ વેહિકલે એક નવો વિક્રમ સર્જ્યો છે. આ ત્રણેએ એક જ દિવસમાં 16.65 કરોડની કુલ 111 ટાટા સીએરા કાર 111 પરિવારોને સોંપી એક નવો વિક્રમ સર્જ્યો છે. અગાઉ અમદાવાદમાં એક જ દિવસમાં 90 કારની ડિલિવરી કરવામાં આવી હતી. અંકુર ખંડેલવાલ (રીજયોનલ મેનેજર સેલ્સ), ધીરેન દેસાઈ (એરીયા મેનેજર સેલ્સ) એ જણાવ્યું હતું કે, આજે અમે સુરતમાં નવી Tata Sierra ની 111 ગાડીઓ ગ્રાહકોને સોંપી છે. આ કાર માટે આખા ભારતમાં 1 લાખથી વધુ બુકિંગ થઈ ગઈ છે, જે બતાવે છે કે લોકોમાં આ ગાડી માટે ઘણો ઉત્સાહ અને પસંદગી છે. આ ગાડી ઘણા સમયથી લોકોમાં લોકપ્રિય રહી છે, અને આજે પણ પ્રીમિયમ SUV તરીકે લોકોના દિલ અને દિમાગમાં ખાસ જગ્યા ધરાવે છે.

### કેપી ગ્રુપ અને પીપી સવાણી યુનિવર્સિટી દ્વારા ઉર્જાનૂર સ્કોલરશિપ શરૂ કરાઇ



સુરતઃ કેપી ગ્રુપની પરોપકારી સંસ્થા કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા પીપી સવાણી યુનિવર્સિટીના સહયોગથી ઉર્જાનૂર સ્કોલરશીપ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલ 24 માર્ચે કેપી ગ્રુપના સ્થાપક, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારુક જી. પટેલના 55મા જન્મદિવસે શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત બી.ટેક અને ડિપ્લોમા એન્જિનિયરિંગ કોર્સમાં અભ્યાસ કરતા યોગ્ય વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, હોસ્ટેલ, ભોજન અને પરિવહન સહિત સંપૂર્ણ મફત શિક્ષણ આપવામાં આવશે. આ વર્ષે કુલ 120 વિદ્યાર્થીઓને સ્કોલરશિપ મળશે, જેમાંથી 30 વિદ્યાર્થીઓ બોત્સ્વાનાના રહેશે. કેપી ગ્રુપના સીએમડી ડો. ફારુક જી. પટેલે જણાવ્યું હતું કે, અમારો હેતુ માત્ર શિક્ષણ માટે ફંડ આપવાનો નથી, પરંતુ તેમની પ્રતિભા અને કૌશલ્યને વિકસાવી ભારત માટે મજબૂત રિન્યુએબલ એનર્જી વર્કફોર્સ તૈયાર કરવાનો છે. પીપી સવાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. પરાગ સાંઘાણીએ જણાવ્યું હતું કે, શિક્ષણનો હેતુ હૃદય અને હાથના સંયોજનથી દેશ માટે શ્રેષ્ઠ ઇજનેરો તૈયાર કરવાનો છે. સસ્ટેનેબલ એનર્જી ક્ષેત્રમાં આ અમારો નાનો પ્રયાસ છે.

### સેન્સેક્સના કડાકા કરતાં સદાચારોનાં કડાકા ઘર-ઘરમાં બોલાઈ રહ્યા છેઃ પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈના મલાડ (પૂર્વ) જિતેન્દ્ર રોડ સ્થિત શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં નવપદ ભક્તિ મહોત્સવના તૃતીય આચાર્ય પદનું વિશ્લેષણ ધર્મસભા સમક્ષ કરતાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, આચારનું ઘડતર વિચારથી થાય છે અને વિચારોનું ઘડતર વાતાવરણ થકી થાય છે. સદાચારોના દીવડામાં આજે સંસ્કારોનું તેલ ખૂટી ગયું છે. આચાર- ભ્રષ્ટતા એ ભયંકર કોટીનો વાયરસ છે. આ વાયરસે કુટુંબ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રને તોડી પાડવાનું કામ કર્યું છે. શીલ અને સદાચાર અત્યારે વેન્ટીલેટર ઉપર છે. શરમનાં સલિલ આંખમાંથી સુકાઈ રહ્યા છે. પૂર્વે જે પાપો સમાજમાં વ્યક્તિગત હતા તે અત્યારે સમષ્ટિગત બન્યા છે. જે ધર્મ પૂર્વે સમષ્ટિગત હતો તે અત્યારે વ્યક્તિગત બન્યો છે. સેન્સેક્સના કડાકા કરતાં સદાચારોનાં કડાકા ઘર-ઘરમાં બોલાઈ રહ્યા છે. શેરબજાર કરતાં પણ સંસ્કારોના બજારનાં સૂપડાં સાફ થઇ રહ્યા છે.